GJPM020065642025

દાખલ તારીખ : ૦૯/૧૦/૨૦૨૫

ફેસલ તારીખ : ૦૫/૦૮/૨૦૨૬

**************************************************

**ગોધરાના મે.પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ શ્રી**

**આર.જી.બારોટસાહેબશ્રી નાઓની કોર્ટમાં મુ.ગોધરા,**

**જી.પંચમહાલ**

**************************************************

| | | |
|---|---|---|
| **એલ.એ.આર. નં.** | **:** | **૭૫/૨૦૧૪** |
| **સી.એમ.એ. નં.** | **:** | **૬૧/૨૦૨૫** |

**અરજદાર :-**

| **અ.નં.** | **નામ** | **ઉ.વ** | **ધંધો** | **રહેવાસી** |
|---|---|---|---|---|
| ૧ | શકરીબેન તે જોખનાભાઈની દીકરી ગુ.વા. | - | - | - |
| ૧/૧ | ગમીરસિહ સોનાભાઈ | - | - | સરસાવ, તા.ગોધરા જી.પંચમહાલ |
| ૧/૨ | ગુલાબસિહ સોનાભાઈ મરણના વારસ | - | - | - |
| ૧/૨/૧ | સમરતબેન ગુલાબસિંહ | - | - | સરસાવ, તા.ગોધરા જી.પંચમહાલ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧/૨/૨ | ઉર્મિલાબેન ગુલાબસિંહ | – | – | '' |
| ૧/૨/૩ | મીનાક્ષીબેન ગુલાબસિંહ | – | – | '' |
| ૧/૨/૪ | કંચનબેન ગુલાબસિંહ | – | – | '' |
| ૧/૨/૫ | શૈલેષકુમાર ગુલાબસિંહ | – | – | '' |
| ૧/૩ | બાબુભાઈ સોનાભાઈ | – | – | '' |
| ૧/૪ | વીરસિહ સોનાભાઈ | – | – | '' |
| ૧/૫ | લક્ષ્મણભાઈ સોનાભાઈ | – | – | '' |
| ૧/૬ | કેસરીબેન સોનાભાઈ | – | – | '' |
| ૧/૭ | મગળીબેન ઉર્ફે મધુબેન સોનાભાઈ મરણના વારસો | – | – | – |
| ૧/૭/૧ | અલ્પેશભાઈ જયદીપભાઈ | – | – | '' |
| ૧/૭/૨ | શૈલેશભાઈ જયદીપભાઈ | – | – | '' |
| ૧/૭/૩ | સુમિત્રાબેન જયદીપભાઈ | – | – | '' |
| ૧/૮ | રેવાબેન સોનાભાઈ | – | – | '' |

**વિરૂધ્ધ**

**સામાવાળા:–**

| અ.નં. | નામ |
|---|---|
| ૧ | કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન પંચાયત વિભાગ , ગોધરા જી.પંચમહાલ |
| ૨ | નાયબ કલેકટરશ્રી, ખાસ જમીન સંપાદન અધિકારી, પંચમહાલ–ગોધરા |
| ૩ | ગુજરાત સરકારશ્રી, |

<u>**એલ.એ.આર. ના વળતરની રકમ ઉપાડવા માટેની પુરસીસ**</u>

---------------------------------------

**અરજદાર તર્ફે વિ.વ. શ્રી જે.આર.રાવલ**

**સામાવાળાઓ તર્ફે જીલ્લા સરકારી વકીલશ્રી આર. એસ. ઠાકોર**

---------------------------------------

(૧) અત્રેના એલ.એ.આર.ના રેફરન્સના અરજદારો ધ્વારા ખાસ જમીન સંપાદન અધિકારી, પંચમહાલ, ગોધરાનાઓ વિરૂધ્ધ તેઓના હિસ્સાની મોજે ગામ સરસાવ, તા.ગોધરા, જી.પંચમહાલના **રેવન્યુ સર્વે નં.૩૧૯ જેનુ ક્ષેત્રફળ ૦૦-૧૬-૦૦,** વાળી જમીન સરકારે પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના-કન્સ્ટ્રકશન તલાવ દેડકી ફેરકુવાથી સરસાવ રોડના કામે સંપાદન કરતાં અરજદારો ધ્વારા કોર્ટમાં દાખલ થયેલ **એલ.એ.આર.નં.૪૫/૨૦૧૪** જે **તા.૩૧/૦૮/૨૦૧૭** ના રોજ ફેસલ થયેલ છે.

(૨) કાર્યપાલક ઈજનેર, માર્ગ અને મકાન વિભાગ, ગોધરા ના જાવક નંબર બાંધ/એલએકયુ/વશી/૫૫૦/૨૦૨૫, તા.૧૬/૧૧/૨૦૨૫ ધ્વારા આંક-૭ થી જીલ્લા સરકારી વકીલશ્રી મારફતે કાર્યપાલક ઈજનેરશ્રી માર્ગ અને મકાન વિભાગ ગોધરાનો પત્રમાં જણાવ્યા મુજબ એલ.એ.આર. નં.૪૫/૨૦૧૪ ના કામે તા.૩૧/૦૮/૨૦૧૭ ના ચુકાદા સામે નામ. ગુજરાત હાઈકોર્ટમા ફર્સ્ટ અપીલ નં.૨૮૩૯/૨૦૧૯ દાખલ થયેલ હતી. જે નામ.ગુજરાત હાઈકોર્ટ દ્વારા તા.૦૪/૦૭/૨૦૨૪ ના ચુકાદાથી સદર અપીલ અરજી ડીસમીસ કરેલ છે. જેથી તેઓના પત્રનં.જી.પં/ બાંધ/એલએકયુ/વશી/૪૩૬૬/૨૦૧૮તા.૨૧/૧૨/૨૦૧૮ થી નામ. ગોધરા કોર્ટમા જમા કરાવેલ એલ.એ.આર.૪૫/૨૦૧૪ ની રકમ ચુકવવામા કોઈ વાંધા સરખુ નથી તેવુ જણાવેલ છે.

(૩) સદર એલ.એ.આર. નં. ૪૫/૨૦૧૪ સર્વે નં.૩૧૯ ના કામે કાર્યપાલક ઈજનેર, માર્ગ અને મકાન વિભાગ, ગોધરા દ્વારા જમા રકમ રૂ.૧૫,૮૭,૩૮૭/-નાઝરશ્રી, પ્રિન્સીપાલ સીનીયર સીવીલ કોર્ટના નામે રાષ્ટ્રીયકૃત બેંકમા ફીકસ ડીપોઝીટ કરવાનો હુકમ કરવામાં આવેલ,તે અન્વયે નાઝરશ્રી, પ્રિન્સીપાલ સીની.સીવીલ કોર્ટ,ગોધરાનાઓના નામે ફીકસ ડીપોઝીટ કરવામાં આવેલ, ત્યારબાદ નામદાર કોર્ટ થી **સદર એફ.ડી.વટાવવામાં આવતા તારીખ.૩૦/૦૭/૨૦૨૬ ના રોજ ''સી'' રજીસ્ટર નંબર ૨૫/૨૬-૨૭ થી રૂા- ૨૩,૮૧,૮૯૬/- જમા લીધેલ છે.**

(૪) અધિક ખાસ જમીન સંપાદન અધિકારી, પંચમહાલ, ગોધરાના જમીન સંપાદન કેસ નંબર : ૩૮/૨૦૧૧, તા.૨૦/૦૭/૨૦૧૩ ના જમીન સંપાદન અધિનિયમ : ૧૮૯૪ની કલમ : ૧૧(૧) મુજબના એવોર્ડમાં ગામ સરસાવ, તા.ગોધરા, જી.પંચમહાલના રેવન્યુ સર્વે નં.૩૧૯ જેનુ ક્ષેત્રફળ ૦૦-૧૬-૦૦ વાળી જમીન સરકારે પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના - કન્સ્ટ્રકશન તલાવ દેડકી ફેરકુવાથી સરસાવ રોડના કામે સંપાદન કરતાં ખાતેદાર તરીકે **શકરીબેન તે જોખનાભાઈની દીકરી** નામ જણાવેલ છે.

(૫) સદર અરજીના કામે અરજદારોએ એલ.એ.આર. ના ખાતેદાર **શકરીબેન તે જોખનાભાઈની દીકરી**ના ગુજરે વારસ **બાબુભાઈ સોનાભાઈનાઓએ** સદર અરજી કરેલ, જેમા ખાતેદાર **શકરીબેન તે જોખનાભાઈની દીકરી તે સોનાભાઈની ઓરત** તરીકેનુ પેઢીનામુ રજુ કરેલ છે, તે મુજબ વારસદારોમાં ગમીરસિંહ, ગુલાબસિંહ, બાબુભાઈ, વિરસિંહ, લક્ષ્મણભાઈ, કેસરીબેન, મંગળીબેન અને રેવાબેનના નામ દર્શાવેલ છે. જેમાથી ગુલાબસિંહ સોનાભાઈ અને મંગળીબેન ઉર્ફે મધુબેન જયદીપસીગ બારીયા મરણ પામેલ હોવાના પ્રમાણપત્ર અને પેઢીનામાઓ રજૂ કરેલ છે, સદર અરજીના કામે તમામ પેઢીનામાઓ મુજબના વારસદારો દ્વારા સોગંદનામા પર નામ.કોર્ટમા હાજર રહી

કોર્ટ રુબરુ **બાબુભાઈ સોનાભાઈ પટેલ** નાઓને એકાઉન્ટ પે ચેકથી નાણા ચુકવી આપવા સામે વાંધો નથી તેવી સંમતિ આપેલ છે.

ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લેતાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**<u>–:: હુકમ ::–</u>**

(૧) અરજદારોની હાલની અરજી મંજૂર કરવામાં આવે છે.

(ર) એલ.એ.આર. નં. ૪પ/ર૦૧૪ ના કામે રે.સર્વે નં.૩૧૯ ના કામે જમા રકમ ની એફ.ડી. વટાવી આવેલ વ્યાજ સહિતની ૩૦/૦૭/ર૦ર૬ ના રોજ ''સી'' રજીસ્ટર નંબર રપ/ર૬–ર૭ થી રૂા– ર૩,૮૧,૮૯૬/– (અંકે રૂપિયા ત્રેવીસ લાખ એકાશી હજાર આઠસો છન્નુ પુરા.) નો બાબુભાઈ સોનાભાઈ પટેલનાઓના નામે એકાઉન્ટ પેઈ ચેક બનાવી અદા કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) સદર કામે અપીલ કે તકરાર ઉપસ્થિત થયે સદર નાણા અત્રેની અદાલતામાં પરત જમા કરાવવાના રહેશે તે અંગેની અરજદારે સોગંદનામા પર બાંહેધરી આપવાની રહેશે.

(૪) અરજદારે સદર કામે ચેક પેમેન્ટની રકમ તેઓના બેન્ક એકાઉન્ટમાં જમા થયેથી દિન–૦૭ માં બેન્ક એકાઉન્ટની પાસબુકના પ્રથમ પાનાની તેમજ રકમ જમા થયેલ એન્ટ્રી દર્શાવતા પાનાની નકલ અત્રેની કોર્ટમાં રજુ કરવાની રહેશે.

હુકમ આજરોજ તારીખ ૦પ માહે ઓગષ્ટ સને ર૦ર૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી–સંભળાવી જાહેર કર્યો.

તા.૦પ/૦૮/ર૦ર૬,
સ્થળ – ગોધરા.

( આર.જી.બારોટ)
પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ,
ગોધરા, જી. પંચમહાલ.
જજ કોડ – જીજે.૦૦પ૭ર